# પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ, વર્તુળ કચેરી, જામનગર

| લોક દરબાર તારીખ : ૦૨.૦૪.૨૦૧૬ શનિવાર | સ્થળ : તાલુકા સેવા સદન, મામલતદાર કચેરી, કાલાવડ | સમય : ૧૫:૩૦ કલાકે | તાલુકો : કાલાવડ |
|---|---|---|---|

તા.૦૨.૦૪.૨૦૧૬ ના રોજ કાલાવડ મૂકામે સરકારશ્રી દ્વારા માનનિય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલની હાજરીમાં યોજાયેલ "લોક સંવાદ સેતુ - લોક દરબાર" અંતર્ગત રજુ થયેલ પ્રશ્ન/રજુઆતની વિગતો:

(પ્રગતિ અહેવાલ તા.૦૯.૦૫.૨૦૧૬)

| પ્રશ્ન નંબર | અરજદારશ્રી નું નામ | પ્રશ્નની ટુંકી વિગત | અમલીકરણ અધિકારી / ખાતાના વડાશ્રીનો પ્રશ્ન નિકાલ અંગેનો જવાબ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧૪ | મંજુલાબેન ડાયાભાઈ સોંદરવા, C/o. વીરજીભાઈ ડાયાભાઈ, નાની વાવડી રોડ, માછરડા સોસાયટી, કાલાવડ(શીતલા) | PGVCL દ્વારા વીજ કનેકશન સમયસર આપવામા આવેલ નથી તથા વીજચોરી નુ ખોટુ બીલ આપવામા આવેલ તે બાબત. | અરજદારશ્રીના સ્થળ ઉપર તા.૨૨.૧૧.૨૦૧૧ના રોજ વિજચેકીંગ કરેલ જેમાં વિજચોરી અંગેનું રૂ.૧૬૪૩૫/- નું બીલ આપવામાં આવેલ છે, જેને કારણે સદર સ્થળે વિજજોડાણ આપી શકેલ નથી. તા.૩૧.૦૩.૨૦૧૬ ના રોજ કાર્યપાલક ઇજનેરશ્રીએ અરજદારને રૂબરૂ મળીને સદર વિજચોરીના કેસ બાબતે સમજણ આપેલ અને કેસનો લોક અદાલત મારફત સમાધાન કરવાની સમજુતિ આપેલ છે. | નિકાલ |
| ૩૭ | સરપંચશ્રી, નિકાવા ગ્રામ પંચાયત. મુ.નિકાવા, તા.કાલાવડ | નિકાવા ગામના વોટર વર્કસ વિજજોડાણને ખેતીવાડી ફીડરમાંથી જ્યોતિગ્રામ ફીડરમાં ફેરવવા બાબત. | કંપનીના નિયમાનુસાર ગામતળ અથવા સરકારી જગ્યામાં વોટરવર્કસના વિજજોડાણ જેજીવાય ફીડરમાંથી આપી શકાય, પરંતુ સિમતળમાં પ્રાઇવેટ ખેતીવાડીની જગ્યામાં ખેતીવાડી ફીડરમાંથી જ વિજજોડાણ આપી શકાય. | નિતિ વિષયક પ્રશ્ન |
| ૪૫ | સરપંચશ્રી, ધુન ધોરાજી ગ્રામ પંચાયત. મુ.ધુનધોરાજી | ધુનધોરાજી ગામે ખેતીવાડી ફીડરના જર્જરીત વીજ વાયર બદલી આપવા બાબત. | ધુનધોરાજી ગામના ખેતીવાડી વિસ્તારમાં વીજપુરવઠો પુરો પાડતાં ૧૧ કેવી ધુનધોરાજી ખેતીવાડી ફિડરનું જરૂરી સમારકામ આ વર્ષમા ૬૬ કેવી નવાગામ સબ-સ્ટેશન થી ગામના સમાજ સુધીની લાઇનમા આવેલ લાંબાગાળા વચ્ચે કુલ | નિકાલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ૪૫ પોલ ઉભા કરવામાં આવેલ છે તેમજ જૂના વાયરની જગ્યાએ નવો વાયર બદલવાની કામગીરી આશરે ૫ કિલોમીટરની કરવામાં આવેલ છે. બાકી ૫ કીલોમીટર લાઇનનુ સમારકામ માટેનુ સર્વે કરેલ અને જેની તાત્રીંક મંજુરી મળતા સદર કામગીરી તા.૦૯.૦૫.૨૦૧૬ ના રોજ પુર્ણ કરવામા આવેલ છે. | |
| ૬૭ | શ્રી મહેશભાઇ ભગવાનજીભાઇ કોટડીયા, મુ.કાલાવડ | કેશ કાઉંનટર ઉપર ચલણી નોટ એક કરવા માટેનુ મશીન મુકવા બાબત્ત | કાલાવડ ખાતેની કાલાવડ – ઇસ્ટ કચેરીમા કેશ કાઉંટર ઉપર ચલણી નોટ એક કરવા માટેનુ મશીન (fully automatic bill counter and detector) આશરે ત્રણ માસ પહેલા જ મુકવામા આવેલ છે. આથી ગ્રાહ્કોને ચલણી નોટોના નંબર લખવાની ફરજ પાડવામા આવતી નથી. | નિકાલ |
| ૯૯ | શ્રી ચંદ્રસિંહ જયવંતસિંહ જાડેજા, મુ.મછલીવડ, તા.કાલાવડ | એક જ સર્વે નંબરમાં બે વિજકનેક્શન આપવા બાબત | પરિપત્ર નંબર GUVNL-TECH-AG-2189 DT.24.10.2013 મુજબ કંપનીના પ્રવર્તમાન નિયમ અનુસાર એક જ સર્વે નંબરમાં બીજું વીજજોડાણ આપી શકાય નહીં | નિતિ વિષયક પ્રશ્ન |
| ૧૨૨/૧૨૩ | દેવદાનભાઇ કે. જારીયા ઉપ પ્રમુખ શ્રી તાલુકા પંચાયત, કાલાવડ | અછત હોવાથી દિવસે વિજ પાવર આપવા તથા વિજ ચેકિંગ ન કરવા બાબત | (૧) વીજળીની માંગ અને પુરવઠાની સમતુલા જળવાઇ રહે અને સિસ્ટમ ઉપર એકીસાથે ખેતીવાડી લોડનું ભારણ ન આવે અને સિસ્ટમનું સારી રીતે નિયમન થઇ શકે તે હેતુથી પીજીવીસીએલ હેઠળના ખેતીવાડી ફીડરોને કુલ ચોસઠ ગ્રુપમાં વિભાજીત કરવામાં આવેલ છે અને દરેક ગ્રુપને મહિનામાં એક અઠવાડીયુ સંપુર્ણ દિવસ દરમ્યાન વીજ પુરવઠો ઉપલબ્ધ થાય તે હેતુથી ખેતીવાડી ગ્રુપના અઠવાડીક સમયપત્રકને મહિના દરમ્યાન જુદા જુદા ચાર સમયગાળામાં વિભાજીત કરવામાં આવેલ છે અને તે મુજબ દરેક ગ્રુપને વારાફરતી (રોટેશન) પધ્ધતિ પ્રમાણે દરરોજ સરેરાશ ૮ કલાક ૩-ફેઇઝ વીજ પુરવથો પુરો પાડવામાં આવે છે.<br>(૨) વિજ ચેકિંગની કાર્યવાહી વિજ ફિડરોના વિજ લોસને ધ્યાનમાં રાખીને કાયદેસરના ગ્રાહકોને પુરતા દબાણથી અને સાતત્ય પુર્વક વીજ પુરવઠો મળી રહે તે હેતુ સબબ વીજ ચેકીંગની કાર્યવાહી નિયમાનુસાર કરવામાં આવે છે. | નિકાલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨૫ | શ્રી પ્રકાશ રવજી સંઘાણી<br>મુ. : મતવા<br>તા. : જામનગર | પીજીવીસીએલ દ્વારા ખેતીવાડીનુ મંજુર થયેલ વીજ કનેક્શનની લાઈન ઉભી કરવા બાબત | સદર ખેતીવાડીનુ મંજુર થયેલ વીજકનેક્શનની લાઈન ઉભી કરવા માટે કોંટ્રાક્ટર સ્થળ ઉપર ગયેલ ત્યારે અન્ય ખેડુત શ્રી અરજણ કેશા ભંડેરી દ્વારા વાંધો ઉઠાવેલ જેથી વિજલાઇનના થાંભલા ઉભા થઈ શકેલ નથી.ત્યારબાદ તા.૨૨.૩.૨૦૧૬ ના રોજ સ્થળ ઉપર કોંન્ટ્રાક્ટર તથા ગ્રાહક્ના પ્રતીનીધી સાથે નાયબ ઇજ્નેર શ્રી કાલાવડ – ઇસ્ટ પેટા વિભાગ દ્વરા રી-સર્વે કરેલ છે જે મુજબ મુળ મંજુર થયેલ ૨૫૦ મીટર વીજ લાઇન ને બદલે રી-સર્વે મુજબ અન્ય રુટ ઉપર વિજ લાઇન ના થાંભલા ઉભા કરવા માટે ૫૦૦ મીટર વીજ લાઇન ઉભી કરીને સદર કામ તા.૦૫.૦૪.૨૦૧૬ ના રોજ પુર્ણ કરેલ છે. | નિકાલ |
| ૧૨૯ | શ્રી નારદભાઈ બાવાભાઈ પાંભર, મુ.બોડી,<br>તા.કાલાવડ | PGVCL દ્વારા બૉડી ગામ ખાતે ખોટી રીતે વીજ ચેકીંગ કરવા બાબત | વિજ ચેકિંગની કાર્યવાહી વિજ ફિડરોના  વિજ લોસને ધ્યાનમાં રાખીને કાયદેસરના ગ્રાહકોને પુરતા દબાણથી અને સાતત્ય પુર્વક વીજ પુરવઠો મળી રહે તે હેતુ સબબ વીજ ચેકીંગની કાર્યવાહી નિયમાનુસાર કરવામાં આવે છે. | નિકાલ |
| ૧૪૧/૧૪૨ | વિશાલકુમાર લખમણભાઈ મારવિયા<br>રે: નીકાવા<br>તા: કાલાવડ | ૧. પી.જી. વી.એ.લ દ્વારા મંજુર થયેલ વીજ કનેકશન વાંધા અરજી આપતા અટકાવાય છે. ૨. રહેણાંક / વાણિજ્ય વિસ્તારના વીજ કનેકશન આપવા અંગેની જોગવાઇ નો પરીપત્ર આપવા બાબત. | (૧) મંજુર થયેલ વીજ જોડાણ આપવા માટે લાઇન ઉભી કરવા માટેની કાર્યવાહી દરમ્યાન લાઇન ઉભી કરવા સામે જો કોઇ અન્ય વ્યક્તિ દ્વારા વાંધો લેવામા આવે તો શક્ય હોઇ ત્યા સુધી સમજાવટથી ઉકેલ કરી લાઇન ઉભી કરવામા આવે છે આમ છ્તા જો કોઇ વાંધાનુ નિરાકરણ ન આવે તો આખરી ઉપાય તરીકે આવા કેશોને વાંધાના નિરાકરણ માટે DM (district magistrate) સમક્ષ ઇન્ડિયન ઇલેક્ટ્રીસીટી એક્ટ-૧૯૧૦ ની કલમ ૧૨(૨) તથા ઇન્ડિયન ટેલીગ્રાફ એક્ટ-૧૮૮૫ ની કલમ ૧૬૨(૧) મુજબ રજુ કરવામા આવે છે અને તેમના હુકમ મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવે છે.<br>(૨) રહેણાંક/વાણિજ્ય વીજ કનેકશન આપવા માટે અમારી કંપની ના પરીપત્ર નં: PGVCL/COM/5295 તા.:  03.07.2015 પ્રમાણે નીચે મુજબ ના ૨ આધારો માંગવામા આવે છે. (A) લીગલ પઝેશન ઓફ પ્રીમાઈસીસ એટ્લે કે જે તે જગ્યાની કાયદેસર ની માલિકી / કબ્જાનો આધાર-પુરાવો. (B) અરજદારનુ ફ્રોટો સહિત નુ ઓળખપત્ર. ઉપરોક્ત પરીપત્રની નકલ અરજદારશ્રી ને આપવામા આવેલ છે. | નિકાલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪૩/૧૪૪ | મગનભાઈ ભગવાનજીભાઈ ટીમ્બડીયા<br>રે: નીકાવા<br>તા: કાલાવડ | ૧. પી.જી.વી.એ.લ. ના ટ્રાન્સફર મા ઓછા વોલ્ટેજ આવતા થતી પરેશાની બાબત.<br>૨. રહેણાંક / વાણિજ્ય વિસ્તારના વીજ કનેકશન આપવા બાબત. | (૧) શ્રી મગનભાઇ ભગવાનજીભાઇ ટીંબડીયાની ખેતીવાડી વીજજોડાણના ટ્રાન્સફોર્મરમાંથી ઓછા વોલ્ટેજ મળવાની ફરિયાદના અનુસંધાને નિકાવા પેટાવિભાગીય કચેરીના જુનીયર ઇજનેરશ્રી, એસ.એમ. મજીઠીયા અને એમ.જી. વાદી સદર વીજગ્રાહકના પ્રતિનિધીશ્રી વિજયભાઇ મગનભાઇ ટીંબડીયા અને વિનોદભાઇ ભગવાનજીભાઇ ટીંબડીયાની હાજરીમાં તા.૩૦.૦૩.૨૦૧૬ ના રોજ શિશાંગ વાડી વિસ્તારમાં આવેલા વીજજોડાણમાં ટ્રાન્સફોર્મર ઉપર અને વીજજોડાણના મેઇન કટ-આઉટ બોર્ડમાં ક્લીપ-ઓન મીટર વડે વોલ્ટેજની માપણી કરેલ. જે મુજબ ફેઝ ટુ ફેઝ એવરેજ વોલ્ટેજ ૪૨૦ વોલ્ટ મળે છે. આમ, સદર વિજજોડાણ ઉપર વીજ મોટર ચલાવવા માટે પુરતા વીજ દબાણથી વીજ પુરવઠો મળે છે. આમ, સદર ફરિયાદનું નિરાકરણ થયેલ છે.<br>(૨) પી.જી.વિ.સી.એલ. કચેરીમાં અરજદાર દ્વારા કરવામા આવતી જુદા જુદા પ્રકારની અરજીઓ ના નિકાલ માટે માનનીય ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા STANDARD OF PERFORMANCE (SOP) મુજબની સમય મર્યાદા નક્કી કરવામા આવેલ છે. આ સમય મર્યાદા મુજબ કાર્યવાહી કરવા માટે દરેક પેટા વિભાગીય કચેરીને કડક સુચના આપવામા આવેલ છે. આ સમય મર્યાદાની માહીતી દરેક પેટા વિભાગીય કચેરીએ ઉપલબ્ધ છે. | નિકાલ |
| ૧૪૫/૧૪૬ | શ્રી જે. પી. મારવીયા,<br>રે.નીકાવા, તા.કાલાવડ | ૧. ખેતીવાડી વિસ્તાર મા વીજ જોડાણોનુ વીજ ચેકિંગ કરવામા આવે છે તે બાબત<br>૨. રહેણાંક / વાણિજ્ય વિસ્તારના વીજ કનેકશન આપવા બાબત. | (૧) વિજ ચેકિંગની કાર્યવાહી વિજ ફિડરોના વિજ લોસને ધ્યાનમાં રાખીને કાયદેસરના ગ્રાહકોને પુરતા દબાણથી અને સાતત્ય પુર્વક વીજ પુરવઠો મળી રહે તે હેતુ સબબ વીજ ચેકીંગની કાર્યવાહી નિયમાનુસાર કરવામાં આવે છે.<br>(૨) રહેણાંક/વાણિજ્ય વીજ કનેકશન આપવા માટે અમારી કંપની ના પરીપત્ર નં: PGVCL/COM/5295 તા.: 03.07.2015 પ્રમાણે નીચે મુજબ ના ૨ આધારો માંગવામા આવે છે. (A) લીગલ પઝેશન ઓફ પ્રીમાઈસીસ એટ્લે કે જે તે જગ્યાની કાયદેસર ની માલિકી/કબ્જાનો આધાર-પુરાવો. (B) અરજદારનુ ફોટો સહિત નુ ઓળખપત્ર. તદ્દુપરાંત ઝુપડપટ્ટી સ્કીમ હેઠ્ળ તેમના ધારાધોરણ મુજબ તાલુકા પંચાયત દ્વારા આપવામાં આવતી ભલામણના આધારે તથા શહેર | નિકાલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | વિસ્તારમાં નગરપાલિકા/મહાનગર પાલિકા દ્વારા આપવામાં આવતી ભલામણના આધારે ઝુપડ્પટ્ટી વિસ્તારમા રહેણાંકના હેતુ માટે સરકારશ્રીની ગ્રાન્ટમાથી વીજકનેકશન આપવામા આવે છે. | |
| ૧૫૬ | સરપંચશ્રી પાતામેઘપર ગ્રામ પંચાયત | પાતામેઘપર ગામ ખાતે વાસ્મો યોજના હેઠળ કુવા પર લાઇટ કનેકશન આપવા બાબત | પાતામેઘપર ગ્રામ પંચાયત દ્વારા તા ૨૬.૨.૨૦૧૫ ના રોજ કાલાવડ વેસ્ટ પેટા વિભાગીય કચેરી ખાતે વોટર વર્કસ ના વીજ જોડાણ માટે અરજી કરેલ હતી જેનું અંદાજપત્ર તા ૪.૩.૨૦૧૫ ના રોજ આપવામાં આવેલ હતું. પરંતુ પાતામેઘપર ગ્રામ પંચાયત દ્વારા અંદાજપત્ર ભરવાની છેલ્લી તારીખ સુધી માં ભરપાઈ કરેલ નથી. | નિકાલ |
| ૧૬૧ | સરપંચશ્રી, જાલણસર ગ્રામ પંચાયત. જાલણસર | એક જ સર્વે નંબર માં બીજુ વીજ-કનેક્શન આપવા બાબત | કંપનીના પરિપત્ર નંબર GUVNL-TECH-AG-2189 DT.24.10.2013 મુજબ કંપનીના પ્રવર્તમાન નિયમ અનુસાર એક જ સર્વે નંબરમાં બીજું વીજજોડાણ આપી શકાય નહીં | નિતિ વિષયક પ્રશ્ન |
| ૧૬૨ | સરપંચશ્રી, જામવાડી ગ્રામ પંચાયત. જામવાડી | એક જ સર્વે નંબર માં બીજુ વીજ-કનેક્શન આપવા બાબત | કંપનીના પરિપત્ર નંબર GUVNL-TECH-AG-2189 DT.24.10.2013 મુજબ કંપનીના પ્રવર્તમાન નિયમ અનુસાર એક જ સર્વે નંબરમાં બીજું વીજજોડાણ આપી શકાય નહીં | નિતિ વિષયક પ્રશ્ન |